# અંબાજી મંદિરે પ્રસાદ બનાવવાનો આરંભ

## ભાદરવી મહામેળાનું કાઉન્ટ ડાઉન શરૂ : ૭ દિવસમા ૪૦ લાખ પેકેટ બનાવશે

અંબાજી

શકિત, ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને દેશનું લોકપ્રિય





શક્તિપીઠ છે. આ ધામ ૫૧ શક્તિપીઠો મા અનેરું મહત્વ ધરાવે છે આવનારા સમયમાં અંબાજી ખાતે ભાદરવી મહાકુંભ ૨૦૧૯ શરુ થવાનો છે ત્યારે વહીવટી તંત્ર તરફથી આ મહામેળાની તડામાર તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી અંબાજી આવતા માઈભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે અને તેમને માતાજીના પ્રસાદ માટે પણ હેરાન-પરેશાન ન થવું પડે તે માટે આજથી જ અંબાજી મંદિર તરફથી માતાજીના આગોતરા આયોજનની તૈયારીના ભાગરૂપે જૂની કોટેજ હોસ્પિટલના બિલ્ડીંગમા મોહનથાળના પ્રસાદ બનાવવાનું કામ શરુ કરાયું છે

અંબાજી મંદિર તરફથી આજે સારા મુર્હતમા મોહન થાળની પ્રસાદી બનાવવાની કામગીરી જૂની કોટેજ હોસ્પિટલ બિલ્ડીંગમા શરુ કરી છે. અહીં અંદાજે ૬૦૦ માણસોના મોટા સ્ટાફથી ખુબ જ ઝડપી ગતિએ માતાજીનો પ્રસાદ બની રહ્યો છે. આજે પણ ૮૦ કિલો પ્રસાદ તૈયાર થઈ ગયો છે. આમ અંબાજી આવતા લાખો માઈભક્તો માટે પ્રસાદ ઓછો ન પડે અને ભક્તોને સરળતાથી વિવિધ કાઉન્ટરો પરથી પ્રસાદ મળી શકે તેવું સુંદર આયોજન અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી આગોતરા આયોજન હાથ ધરાયુ છે અહીં ૭ દિવસના મહામેળામા ૪૦ લાખ પેકેટ બનાવવાનું આયોજન હાથ ધરાયુ છે ગત વર્ષે ૩૨ લાખ પેકેટ તૈયાર કરાયા હતા આ પ્રસાદના કામ પાછળ ૬૦૦નો સ્ટાફ રોકાયેલો છે

આ વિશાળ પ્રસાદ બનાવવા માટે ૧ લાખ ૮૦ હજાર કિલો ખાંડ, ૧ લાખ ૨૦ હજાર કિલો બેશન અને ૯૦ કિલો ચોખ્ખું ઘીનો ઉપયોગ કરી આ મહાપ્રસાદ અહીં તૈયાર થઈ રહ્યો છે, આ પ્રસાદ ૧૫ -૨૦ દિવસ સુધી પડ્યો રહે તો પણ બગડતો નથી. આમ ગત વર્ષ ની સરખામણી એ અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી પ્રસાદની કામગીરી ઝડપી બનાવાઈ છે.

આ પ્રસંગે મોહિની કેટરર્સના માલિક તખતસિંહ પુરોહિતે જણાવ્યું હતું કે, ૮ તારીખ જે મહામેળો શરુ થઈ રહ્યો છે તેને લઈ અમે આજથી જ પ્રસાદ બનાવવાની કામગીરી શરુ કરી છે અહીં હાલ રોજના ૮૦ ઘાણ મોહનથાળ બની રહ્યો છે અને આ મેળામા કુલ ૩૫ લાખ પ્રસાદના બોક્સ વેચાવાની શક્યતા છે.

જ્યારે મેનેજર સુરેશભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, હું અહીં મેનેજર તરીકે કામગીરી સંભાળું છું અને છેલ્લા ૨ વર્ષથી માતાજીના પ્રસાદ બનાવવાની કામગીરી મોહિની કેટરર્સ સંભાળે છે અને આપણે આ વખતે ૪૦ લાખ પેકેટની તૈયારી રાખેલી છે. જેની માટે કુલ ૪ લાખ કિલો પ્રસાદ બનશે. આ પ્રસાદ બનાવવા માટે ૧ લાખ ૮૦ હજાર કિલો ખાંડ, ૧ લાખ ૨૦ હજાર કિલો બેશન અને ૯૦ કિલો ચોખ્ખા ઘીનો ઉપયોગ કરી આ મહાપ્રસાદ અહીં તૈયાર થઈ રહ્યો છે, આ પ્રસાદ ૧૫-૨૦ દિવસ સુધી પડ્યો રહે તો પણ બગડતો નથી.

# ૮ થી ૧૪ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમનો મહામેળો

અંબાજી, તા. ૪

અંબાજી ખાતે ભરાતા ભાદરવી પૂનમનો મેળો આગામી ૮ સપ્ટેમ્બરથી પ્રારંભ થનાર છે. સમગ્ર મંદિર પરિસર બોલ મારી અંબે જય જય અંબેના



નાદથી ગુંજવા લાગ્યા છે. ભાદરવી પૂનમનો મેળો ૮ સપ્ટેમ્બરથી સાત દિવસ માટે ભરાનાર છે. આ મેળામાં ૨૫ લાખથી ૩૦ લાખ શ્રદ્ધાળુઓ અંબાજીમાં ઉમઢી પડશે જેને લઈને લઈને અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ સહિત જિલ્લા વહીવટીતંત્ર તડામાર તૈયારીઓમાં લાગી ગયું છે.

અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને ડેપ્યુટી કલેકટર એસ.જે. ચાવડાએ જણાવ્યું કે અંબાજી આવતાં યાત્રિકોને કોઈ તકલીફ ન પડે સંપૂર્ણ પણે વ્યવસ્થા મળી રહે તેવી તૈયારીઓ તંત્ર કરી રહ્યું છે. હાલમાં વરસાદી સીઝન હોવાથી યાત્રિકોને રોકાણ માટે આરામ કરવા માટે ૩૦ જેટલાં વોટર પ્રુફ સમીયાણા, આરોગ્યલક્ષી સેવા, પાણીની વ્યવસ્થા યાત્રિકોને દર્શન માટે લાઈન માટેની વ્યવસ્થા સાથે સ્વચ્છતા માટે વહીવટીતંત્ર આ પગલાં ભરી રહ્યું છે.

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજી વિસ્તારમાં ત્રણ જગ્યાએ વિનામુલ્યે ભોજન બંને ટાઈમ મળી રહે તેવી પણ વ્યવસ્થા કરી છે. આમ તો રસ્તામાં સેવા કેમ્પમાં પદયાત્રીઓને નિઃશુલ્ક ભોજન મળી જતું હોય છે. પણ અંબાજી પહોંચ્યા બાદ આવા કોઈ સેવા કેમ્પ હોતા નથી જેને લઈને અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજી વિસ્તારમાં ત્રણ જગ્યાએ વિનામૂલ્યે ભોજન મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે. મેળાના સાત દિવસ અને બંને ટાઈમ શ્રદ્ધાળુઓને ભરપેટ ભોજન મળી રહેશે. માત્ર ભોજન જ નહિં ખાસ કરીને અંબાજી મંદિર ઝેડ કેટગરીની સુરક્ષા ધરાવતું યાત્રાધામ છે. જ્યાં લાખોની સંખ્યામાં યાત્રિકોની અવરજવર થતી હોય છે. આવામાં શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને સુરક્ષાની પૂરતી તૈયારીઓ કરી લેવાઈ છે.

## અંબાજી ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચને હોદ્દા પર ફરીથી બેસાડવાનો હુકમ કરતાં અધિક વિકાસ કમિશનર

અંબાજી, તા. ૪

ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજીની ગણના દેશના ૫૧ શક્તિપીઠમા થાય છે, આ ધામમા ગુજરાતની સૌથી મોટી ગ્રામ પંચાયત આવેલી છે. આજથી ૨ મહિના અગાઉ બનાસકાંઠા જિલ્લાના વિકાસ અધિકારી બી.એ. શાહ દ્વારા રોડ બાબતની ગેરરિતી બાબતે રામ અવતાર અગ્રવાલને સસ્પેન્ડ કરી ઉપ સરપંચ કલ્પનાબેન પટેલને સરપંચનો ચાર્જ સોંપવાનો હુકમ કર્યો હતો, ત્યારબાદ રામ અવતાર અગ્રવાલે અધિક વિકાસ કમિશનર સમક્ષ વિવિધ દલીલો અને ધારદાર રજૂઆત



કરતા તેમને આજે મોટી રાહત આપતો હુકમ પ્રાપ્ત થયો છે અને આ સમાચાર અંબાજીના લોકોને મળતા તેવો ભારે ખુશ થયા હતા.

આજના હુકમમા સ્પષટતાપૂર્વક જણાવાયું છે કે વિવાદીની વિવાદ અરજી અંશતઃ ગ્રાહ્ય રાખવામાં આવે છે આ સાથે અધિક વિકાસ કમિશનરે પ્રતિવાદી જીલ્લા વિકાસ અધિકારીનો ૨૬-૬-૧૯ના આદેશ ક્રમાંક એ૧/પંચાયત કલમ/૫૭(૧)/વશી/૪૮૦/૨૦૧૯ને રદ ઠરાવવામાં આવે છે. આ સાથે અતિ મહત્વનો હુકમ અધિક વિકાસ કમિશનરે જણાવ્યું છે કે વિવાદી (રામ અવતાર અગ્રવાલ)ને તેમના હોદ્દા પર પુનઃ સ્થાપિત કરી કારણ દર્શક નોટિસ આપી ગુણ દોષ ઉપર નિર્ણય કરવા કેસ રિમાન્ડ (પરત) કરવામાં આવે છે અને આ હુકમની તમામ પક્ષકારોને જાણ કરવી.

અંબાજીના રોડ બાબતની અરજીથી અંબાજીના સૌથી લોકપ્રિય સરપંચને સસ્પેન્ડ કરાયા હતા જે આજે અધિક વિકાસ કમિશનર સમક્ષ ધારદાર દલીલો અને હકીકતોને ધ્યાને લઈ રામ અવતાર અગ્રવાલને ફરીથી સરપંચ તરીકે ચાર્જ સોંપવામાં આવે તેવો હુકમ કરાતા અંબાજીમા તેમના વિરોધીઓના મોઢા ઉતરી ગયા હતા.



દેશભરમાં ગણેશ મહોત્સવનો ધામધુમપુર્વક પ્રારંભ થયો છે. ત્યારે પાલનપુર ખાતે સતત ૧ ૨ મા વર્ષે પણ વિરબાઈગેટ માળીવાસમાં ગણેશજીની શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. જે શોભાયાત્રા વિરબાઈગેટ માળીવાસથી નીકળી ખોડાલીમડા, પત્થર સડક, દિલ્હીગેટ, અમીરરોડ, ગઠામણ દરવાજા થઈ માળીવાસ પરત ફરી ગણેશજીની સ્થાપના કરી હતી. જેમાં ભાઈઓ બહેનો, વડીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમજ ૫ દિવસ સુધી આનંદ ગરબા, રાસ ગરબા, ભજન કિર્તન સહિતના કાર્યક્રમો યોજાય છે. આ ધાર્મિક પ્રસંગમાં માળીવાસ વિસ્તારના ધર્મપ્રેમી લોકો પાંચ દિવસ સુધી હાજર રહી શ્રીજીની આરાધના કરે છે.

# ધનસુરામાં વાઈરલ ઈન્ફેક્શનથી બાળકોને બચાવવા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વાઈરલ ઈન્ફેક્શન અને મચ્છરજન્ય રોગચાળાએ ભારે માજા મૂકી છે. વાઈરલ ઈન્ફેક્શનમાં લોકો પટકાઈ રહ્યા છે. ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ તાલુકાની અલગ-અલગ શાળાઓમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર શર્મા, હેલ્થ વિઝીટર પાંડેબેન અને મેડિકલ ઓફિસર ડૉ.મોનાબેન, ડૉ.ગાયત્રીબેન પંચાલ (આયુર્વેદિક ઓફિસર, બારનોલી) સહીત સ્ટાફ દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળોકોને વાઈરલ ઈન્ફેક્શન સામે રક્ષણ મળી રહે તે માટે આયુર્વેદિક ઉકાળો બનાવી પીવડાવવામાં આવી રહ્યો છે. તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ગોસ્વામીના જણાવ્યા અનુસાર આ ઉકાળાથી સિઝનલ રોગ કાબુમાં આવે છે તો સ્વાઈન ફ્લુ જેવા રોગ પણ અટકે છે અને રોગ પ્રતિકારક શક્તિનો વધારો થાય છે.

### મોડાસા શહેર ટ્રાફિકગ્રસ્ત

# ટી.આર.બી. જવાનો મોબાઈલ પર મસ્ત વાહનચાલકો અને રાહદારીઓ ત્રસ્ત

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી અને ચાર રસ્તાથી ડીપ વિસ્તારમાં જેવા મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર ખડકાતા લારી-પથારાવાળાથી અને રોડ પર આડેધડ ખડકી દેવાતા બાઈક અને કાર, રીક્ષાઓથી ધોરીમાર્ગ પણ અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ કરાતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન બની રહે છે. છાસવારે ટ્રાફિક જામના દ્રશ્યોમાં વાહનચાલકો અટવાતા વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેરના ચાર રસ્તા , બસ સ્ટેન્ડ અને અન્ય ટ્રાફિક પોઈન્ટ પર ફરજમાં મુકવામાં આવેલ પોલીસતંત્રના કર્મચારીઓ ચોકીમાં અને ટ્રાફિકબ્રિગેડના જવાનો મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોવાની સાથે ટોળે વળી વાતોમાં રચ્યા પચ્યા રહેતા ટ્રાફિકની ગંભીર સમસ્યા પેદા થઈ છે.

એક બાજુ સરકાર અકસ્માતની ઘટના નિવારવા ટ્રાફિકના નિયમો અને દંડની જોગવાઈ વધારી રહી છે બીજી બાજુ ટ્રાફિક નિયમનની અમલવારીમાં પોલીસતંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું હોય તેવા દ્રશ્યો સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં હેલ્મેટ પહેરવાના નિયમનો તો દ્વિ-ચક્રીય વાહન ચાલકો સરેઆમ ઉલ્લાંઘન કરી રહ્યા છે. ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન વાહનચાલકોને ગુલાબના ફૂલ આપવાની સાથે દંડાત્મક કાર્યવાહી કરતી હોય છે. ટ્રાફિક પોલીસની દંડાત્મક કાર્યવાહી જાણે તેમને અપાતા ટાર્ગેટ પૂરો થતા જ બંધ કરી દેવામાં આવતી હોય તેમ વાહનચાલકો બિન્દાસ્ત ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી મનફાવે તેમ વાહનો હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસ, ટ્રાફિક પોલીસ અને નગરપાલિકાતંત્ર દ્વારા મોડાસામાં ટ્રાફિક દૂર કરવા ભારે ઉદાસીનતા જોવા મળે છે. ‘‘બાર વર્ષે બાવો બોલે’’ તેમ ફક્ત દેખાવ પૂરતી અને રોફ જમાવતી કામગીરી મહિનાના એકાદ બે દિવસ કર્યા બાદ ઠંડા પાણીમાં બેસી જતા મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન બની છે.

## હિંમતનગર સબજેલમાંથી ભાગેલો કેદી આઠ વર્ષ બાદ ઝડપાયો

પોશીના તાલુકાના ઝીઝણાટ ગામના ખુન કેસમાં ગુનેગાર ઠેરવેલા એક શખ્સને આજીવન કેદની સજા થતા તે હિંમતનગરની સબજેલમાં સજા ભોગવી રહ્યો હતો. ત્યારે આઠ વર્ષ અગાઉ સબજેલમાંથી ફરાર થઈ ગયો હતો. દરમ્યાન આ અંગે બુધવારે પોશીના પોલીસે બાતમીના આધારે તેને તેના ઘરેથી ઝડપી લઈ તરત જ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. આ અંગે પોશીના પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પોશીના તાલુકાના ઝીઝણાટ ગામના રમેશભાઈ યુનાભાઈ બુંબડીયા ખુન કેસના ગુનામાં દોષિત સાબિત થતા તેને આજીવન કેદની સજા થઈ હતી.



ડીસામાં વરસાદી ઝાપટું - બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં સતત બીજા વર્ષે ઓછો વરસાદ થયો છે. તેમાં પણ ભાદરવા મહિનાના આરંભ સાથે બફારો અને ઉકળાટ વધી પડ્યો છે. તેથી આમ પ્રજા તોબા પોકારી ઉઠી છે ત્યારે ગઈકાલે બુધવારે અસહ્ય ઉકળાટ વચ્ચે સાંજના સુમારે આકાશમાં ગોરમભાયેલાં વાદળાં અચાનક વરસી પડ્યા હતા તેથી સર્વત્ર પાણી પાણી થઈ જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠી હતી તેથી આમપ્રજાએ હાશકારો અનુભવ્યો હતો.



## પાણીયારીમાં ધોધનો પ્રવાહ વધ્યો....

સમગ્ર ગુજરાતમાં પુષ્કળ વરસાદ થયો છે. પરંતુ બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે પણ ઓછો વરસાદ થયો છે. તેમછતાં જિલ્લાની પૂર્વે આવેલ અરવલ્લીની નયનરમ્ય ગિરિમાળાઓમાં ઉપરવાસના વરસાદના કારણે લીલોતરી સાથે હરિયાળી છવાઈ છે. એટલું જ નહી, ઠેરઠેર ઝરણાં સજીવન થઈ ઉઠ્યા છે. જેથી પ્રાકૃતિક સૌંદર્ય પૂરબહારમાં ખીલી ઉઠ્યું છે. વડગામના મુમનવાસ નજીકના પાણીયારી આશ્રમે ઝરણાનું પાણી ધોધ રૂપે નીચે પડતા ત્યાં કુદરતી સ્વિમિંગ પુલનો અદભુત નજારો સર્જાયો છે. જેથી પ્રકૃતિને માણવા આવતા સહેલાણીઓ તેમાં ભીંજાવાનો ભરપૂર નિજાનંદ માણે છે. હાલમાં ઉપરવાસમાં ફરી ભારે વરસાદ થતાં પાણીના ધોધનો પ્રવાહ અચાનક વધી પડ્યો છે. જેથી ધોધની ભવ્યતા પણ વધી પડતા જિલ્લાભરની પ્રજા આ કુદરતી નજારો માણવા સ્વયંભૂ ઉમટી પડે છે. તેથી જિલ્લામાં વિશ્વેશ્વર બાદ આ સ્થાન પણ પ્રવાસન ધામ રૂપે પ્રચલિત બની ગયું છે.

# અંબાજી પાસેના ચિખલા ગામે કૂવામા કૂદેલા બનેવીને બચાવવા બે સાળાઓ પણ કુદયા : ત્રણનો ચમત્કારિક બચાવ









અંબાજી

આજે સવારે અંબાજી નજીકના ચીખલા ગામે કુટુંબની બાબતને લઈ બનેવીએ કૂવામાં છલાંગ લગાવી હતી ત્યારબાદ તેમની સાથેના બે સાળાઓ પણ તેમના જીવ બચાવવા માટે ઊંડા કૂવામા પડ્યા હતા. અંબાજીના ચીખલા ગામે કૂવામાં પડ્યા હતા ત્રણ લોકો, એક વ્યક્તિ કૂવામાં પડતા બીજા બે લોકો બચાવવા પડયા હતા. આસપાસના લોકો બૂમાબૂમ થતાં સ્થાનિક લોકોને જાણ કરાતા લોકોએ રસ્સાઓ લઈ જીવ બચાવ્યા અને આ તમામ લોકો જે કૂવામાં પડ્યા હતા તે વ્યક્તિઓને તરતા આવડતું ન હતું.

આ તરફ કૂવાની નજીક બાજુમાં જ શાળા હોઈ કૂવામાં પડેલા લોકો મામલે જાણ થઈ હતી અને નાગરિકોએ આ લોકોના જીવ બચાવ્યા. આમ આજે સમયસૂચકતાના કારણે મોટી જાનહાની ટળી હતી આ ત્રણે લોકો નશો કરેલી હાલતમાં હતા તેવું ચર્ચાઈ રહ્યું છે.

અંબાજી નજીક ચીખલા ગામે એક કૂવામાં ત્રણ વ્યક્તિઓ પડી જવાની ઘટનાને લઈ ભારે ચકચાર મચી જવા પામી હતી. જોકે ચીખલા ગામે રહેતા ભરથરી સમાજના લોકોમાંથી એક વ્યક્તિ આત્મહત્યા કરવા કૂવામાં છલાંગ લગાવી હતી.

જોકે આ સમગ્ર ઘટના પારિવારિક વિવાદના કારણે બની હોવાનું જાણવા મળ્યું હતુ. અને કુટુંબની બાબતને લઈ બનેવીએ કૂવામાં છલાંગ લગાવ્યા બાદ એના બે સાળાઓ પણ પડ્યા હતા. આ ત્રણેય જણાને ગ્રામજનોએ આબાદ રીતે બહાર કાઢ્યા હતા. જોકે આ કુવો ૬૦ ફૂટ પાણી ભરેલો છે. આ શાળાના શિક્ષિકાએ પણ બાળકો માટે આ કૂવો જોખમકારક હોઈ કુવા ઉપર તાત્કાલિક લોખંડની જાળી નાખવા માંગ કરાઈ છે. એટલુ જ નહીં આ કુવાની પાસે પ્રાથમિક શાળા પણ આવેલી છે. અને બાળકો અભ્યાસ કરે છે જ્યા બાળકો રિસેશ તથા અનકે રમતો રમવા પણ આ કૂવાની આસપાસ આવતા હોય છે. આટલી મોટી ઘટના બની ત્યારે લોકો મોબાઈલમા શુટીંગ કરતા હતા તેવું સ્થાનિક લોકોએ જણાવ્યું હતુ.